સત્યાગ્રહનું રહસ્ય.

મુંબાઇની હોમરૂલ લીગના આશરા હેઠળ શ્રીયુત જમનાદાસ દ્વારકાદાસ ધરમસીના પ્રમુખપણા હેઠળ દક્ષિણ આફ્રિકાવાળા રા. રાગજી ખંડુભાઇએ 'સત્યાગ્રહનુ રહસ્ય' એ વિષય ઉપર એક વ્યાખ્યાન મુંબાઇમાં આપ્યું હતું તેનો સાર નીચે મુજબ છે:—

વ્યાખ્યાનકારે પ્રથમ આ વિષય ઉપર ભાષણ ગોઠવવા માટે હોમરૂલ લીગના મંત્રીઓનો આભાર માની દર્શાવ્યું હતું કે આપણા પવિત્ર દેશનું રાજકીય વાતાવરણ હાલમાં અતિ ગંભીર બની રહેલું આપણો દેશ હાલમા એક વિકટ પ્રસંગમાંથી પસાર થાય છે. હોમરૂલ યાને સ્વરાજ્યનો પવન જોસભેર દેશમાં સર્વત્ર ફુંકાઇ રહ્યા છે. જયાં જુઓ ત્યા સ્વરાજ્યની જ વાતો થઇ રહી છે અને પ્રત્યેક ભારતવાસીને એમ ભાસે છે કે જે ચળવળ આપણા દેશમાં હાલ પ્રવર્તી રહી છે તેનું અંતમા શુભ પરિણામ જ આવશે. બીજી બાજુ હિંદનો અધિકારી વર્ગ પ્રજાના અપૂર્વ ઉત્સાહને છીન્નભીન્ન કરી નાંખી જાપ્તાની રાજનીતિ ગ્રહણ કરી હોમરૂલની ચળવળ કરનારાઓના તરફ વક્રદષ્ટિએ જોઇ રહ્યો છે. જાપ્તાની રાજનીતિ સામે પગલા લેવા દેશના અગ્રગણ્ય નેતાઓ 'સત્યાગ્રહ' એ વિષય ઉપર હાલ ખાસ ચર્ચા કરી રહ્યા છે. ત્યારે સત્યાગ્રહ અને એનું રહસ્ય શું છે એ સમજવું પ્રત્યેક ભારતવાસી માટે આ સમયે ખાસ આવશ્યક છે. અસત્ય, અન્યાય, જુલમ અને અધર્મની સામે આત્મબળ યાને પ્રેમબળથી થવું આનું નામ સત્યાગ્રહ છે. શારીરિક બળની સામે આત્મિક બળ–પ્રેમ બળથી સામે થવું એનું નામ સત્યાગ્રહ છે. અન્યાયી

અને જુલમી કાયદાઓનો અસ્વીકાર કરી તેમાં જે સજા ઠરાવી હોય તે જાતે ઉઠાવી લેવી એ સત્યાગ્રહ છે. આવા અન્યાયી અને જુલ્મી કાયદાઓની સામે થઇ તેની સજાઓ ઉઠાવી આપણાં સ્વદેશી બંધુઓ સાઉથ આફ્રિકામાં મહાત્મા ગાંધીજીની સરદારી હેઠળ સાત વર્ષ સુધી સત્યાગ્રહની લડતમાં ઝુઝી વિજયવંત થયા છે તે આપણે સર્વ જાણીએ છીએ. 'સત્યાગ્રહ' શબ્દ એ અંગ્રેજી Passive Resistance શબ્દનું ભાષાંતર છે. અંગ્રેજી ભાષામાં કેટલાક એવા શબ્દો છે કે જેનું ગુજરાતીમાં ભાષાંતર કરતાં તેનો સંપૂર્ણ ભાવ આપણે ઉતારી શકતા નથી. Passive Resistance એ એક એવો જ શબ્દ છે. એ શબ્દને માટે ગુજરાતી યથોચિત શબ્દ શું છે, તેની માંગણી દક્ષિણ આફ્રિકામાં જાહેર રીતે કરવામાં આવી હતી. કેટલાકો તેને 'શાંત અવરોધ' કહેવાનું સૂચવતા હતા. કેટલાકો 'નિષ્ક્રીય પ્રતિરોધ' આવો શબ્દ યોજવા જણાવતા હતા. પરંતુ મહાત્મા ગાંધીજીને આ સાક્ષરી શબ્દો પસંદ પડયા ન હતા તેમ જ Passive Resistance નો ખરો ભાવ પણ તેમાં દર્શાવાતો ન હતો. આફ્રિકાના હિંદી સામાન્ય જનસમૂહ ઝટ ગ્રહણ કરી લે એવા શબ્દને માટે ગાંધીજી ઇચ્છા રાખતા હતા અને આખરે તેમણે 'સત્યાગ્રહ' એ શબ્દને પસંદ કર્યો. સત્યનો સદા જય થાય છે એ આપણાં ધર્મશાસ્ત્રોનું કથન છે. સત્યાગ્રહની લડતમાં હાર શબ્દ હોઇ ન શકે એવી તેમની દૃઢ માન્યતા હોવાથી તેમણે એ જ શબ્દ અંતમાં પસંદ કર્યો અને દક્ષિણ આફ્રિકાના હિંદીઓની રાજકીય લડત 'સત્યાગ્રહની લડત' એ નામથી સંસારમાં પ્રસિદ્ધ થઇ તે આપણે જાણીએ છીએ. પાશ્ચાત્ય દેશોમાં 'સત્યાગ્રહ' શીખવનાર ખ્રીસ્તી ધર્મના પ્રવર્તક ભગવાન, ઇસુ ખ્રીસ્ત થઇ ગયા છે. તેમનો મુખ્ય સિદ્ધાંત એ જ હતો કે મનુષ્યોએ કોઇ પણ સંજોગોમાં શારીરિક બળનો ઉપયોગ કદી કરવો નહિ. તે મહાત્માનું શિક્ષણ એટલે સુધી જાય છે કે એક ખ્રિસ્તીને હથીઆર ધારણ કરવાનો અધિકાર નથી

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ७२५० वर्गांक

पुस्तकनुं नाम સત્યાગ્રહનું રહસ્ય

विषय ૭૬૩:૨૫.૬૪૦૮

અહિંસા પરમો ધર્મ એ જ આપણાં ધર્મશાસ્ત્રોનો સિદ્ધાંત તેમણે સ્વીકારી તેમની દશ આજ્ઞાઓમાંથી એકમાં ફરમાવેલું છે કે Thou shalt not kill એટલું જ નહિ પરંતુ મનુષ્ય ગમે એવા ક્રોધના આવેશમાં આવ્યો હોય તો પણ તેણે શારીરિક બળનો ઉપયોગ કદી ન કરતાં જણાવેલું છે કે જો કોઈ તમારા ડાબા ગાલ ઉપર આવીને તમાચો લગાવે તો તેની સામે જમણો ગાલ પણ ધરી દો. યુરોપ ખંડમાં આજે તેમનાં એ શિક્ષણની હાંસી થતી જ આપણે અનુભવીએ છીએ, છતાં એ વચનનું ખરૂં રહસ્ય જેઓ જાણે છે તેઓ પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમમય દૃષ્ટિથી જુએ છે. પ્રેમ એ જ પરમાત્માનું સ્વરૂપ છે એમ જેઓ માને છે તેઓ સમજી શકે છે કે એક જુલમગાર અને અન્યાયી પુરૂષ જુલમ અને અન્યાય કરી તેનું ધારેલું કરાવવા ઇચ્છતો હોય તો જે તેના પ્રત્યે પ્રેમ રાખી જુલમ અને અન્યાયને તાબે ન થતાં જે દુ:ખ તે આપે તે સહન કરી લે તેજ સત્યાગ્રહી છે. ભગવાન ઇસુ ખ્રિસ્તના ઉપર તેના દુશ્મનોએ એટલો ભયંકર જુલમ ગુજાર્યો હતો કે, તેને ઝાડની સાથે બાંધી ખીલા ઠોકી તેનો પ્રાણ લીધો હતો, છતાં તેની ઉપર જુલમ ગુજારનારના તરફ તેણે નથી તિરસ્કાર બતાવ્યો યા નથી તેની સામે તેણે શારીરિક બળનો ઉપયોગ કર્યો. તેણે હસતાં હસતાં સત્યને ખાતર પોતાના પ્રાણની આહૂતિ આપી દીધી હતી. આવું મહાન્ કષ્ટ સહન કરી તેઓએ ખરખરા સત્યાગ્રહી બની પોતાના પ્રાણનું બળીદાન આપ્યું ત્યારે જ તેની પાછળ ખ્રીસ્તી ધર્મનો ફેલાવો થઇ શકયો છે. સત્યાગ્રહનું રહસ્ય અમેરીકામાં એક બીજા પુરૂષ મહાત્મા થોરોએ બતાવ્યું હતું. અમેરીકાની નીગ્રો પ્રજાને ગુલામીગીરીમાંથી મુક્ત કરવા તેણે અમેરીકાની સરકારને કર આપવાની ના પાડી હતી અને તે માટે તેને કેદમાં મોકલવામાં આવ્યા હતા. તેણે દર્શાવ્યું હતું કે જે સરકાર ગુલામગીરીને ઉત્તેજન આપે તે સરકારને નિભાવવા કર આપવો તે અધર્મ છે. તેને સત્યાગ્રહ

ઉપર એટલી બધી અચળ શ્રદ્ધા હતી કે અમેરીકામાં એક પણ માણસ નીગ્રો પ્રજાની ગુલામીગીરીની સામે પોકાર ઉઠાવી સરકારને કર ન ભરી જેલમાં જાય તો નીગ્રો પ્રજાની ગુલામગીરીની સાંકળના બંધન જરૂર તુટે તેને કર ન ભરવા માટે જ્યારે જેલમાં પુરવામાં આવ્યા ત્યારે જેલમાં પુરનાર માણસો ઉપર દયા ખાઇ તેણે દર્શાવ્યું હતું કે, આ માણસોએ મારી આસપાસ આવી રહેલી આ દિવાલોની મજબૂત ઓરડીમાં બંધ કર્યો છે, પરંતુ તેઓને એટલી પણ બુદ્ધિ નથી કે મારા આ શરીરને તેમણે એક જગ્યાએ બંધ કરી મૂકયું છે પરંતુ મારા શરીરમાં રહેલો આત્મા તો તદ્દન સ્વતંત્ર છે. તે જોઇએ તેવા વિચારો કરી લે છે અને સ્વેચ્છા મુજબ વિચારે છે તેને બંધ કરવાની જગતમાં કોઇની પણ તાકાદ નથી. જેલમાંથી છૂટ્યા પછી તેણે 'On the duty of civil disobedience' નામનું એક મ્હાન્ પુસ્તક લખ્યું હતું, જે લાખો મનુષ્યો રસપૂર્વક વાંચતા હતા. તે મહાન્ પુરૂષની માન્યતા હતી કે આપણે પ્રથમ મનુષ્ય બનતાં શીખવું જોઇએ અને રૈયત પછીથી. ત્યાર બાદ શિયામાં સત્યાગ્રહનું શિક્ષણ આપનાર મહાન પુરૂષ કાઉંટ ટોલસ્ટોય થયા છે. તેમણે પ્રેમબળ એ જ સર્વોત્તમ બળ છે એ ભારપૂર્વક દર્શાવી આપેલું છે. સરકાર માત્રનો નિભાવ શારીરિક બળ યાને વાયોલન્સના ઉપર જ રહેલો છે. અને તે કોઇ પણ રીતે ઇચ્છવા જોગ નથી. તેમની ખાસ માન્યતા હતી કે કોઇ પણ દેશના બચાવ માટે લશ્કરની જરૂર હોવી ન જોઇએ. 'Resist not evil' એ સિદ્ધાંતનું ભારપૂર્વક તેમણે પ્રતિપાદન કરેલું છે. ઝારના જુલમની નીચે કચરાતી પ્રજાને માટે તેમણે ઘણું કર્યું છે. નિર્ભયપણે તેમણે એવાં તો ઉત્તમ પુસ્તકો લખેલાં છે કે તેમના જેવા લેખકો યુરોપમાં વર્તમાન સમયમાં ભાગ્યે જ મળી આવે. ઝારના ઉપર તેઓ વારંવાર સખ્ત પત્ર લખતા અને રાજ્યના જૂલમની સામે થનારા દેશભકત પુરૂષોને શિક્ષા ન કરવા અરજો

ગુજારતા. તેઓ રાજ્યની સામે, લશ્કરની સામે ઘણું સખતમ સખત લખાણ કરતા, છતાં ઝારની હિંમત ન હતી કે તેમને કંઇ શિક્ષા કરી શકે. એવું તેમનું અતિ પવિત્ર, સાદું અને ધાર્મિક જીવન હતું.

આપણા દેશની પ્રજાને માટે સત્યાગ્રહ એ કંઇ નવીન વસ્તુ નથી. પ્રાચીન ભારતના ઇતિહાસ તરફ આપણે દૃષ્ટિ દોડાવીશું તો માલુમ પડશે કે ભારતવર્ષમાં શ્રી પ્રહ્લાદજી જેવા વીર સત્યાગ્રહી ઉત્પન્ન થઇ ગએલા છે. સત્યની સેવા કરતાં રાજા હરિશ્ચંદ્રે પોતાના રાજ-પાટનો ત્યાગ કરી પોતાની સ્ત્રી તથા પુત્ર સાથે નીચને ઘેર પોતાની જાતને વેચી હતી. ભારતની ખેડુત પ્રજાના ઉપર જો રાજ્ય તરફથી જૂલમ યા તો અન્યાય થતા તો પ્રજા રાજા સાથે રીસાઇ બેસતી અને સર્વ કામકાજ બંધ કરી દેતી. પૅસિવ રેઝીસ્ટન્સ એને દૈવી પ્રકૃતિ કહીશું તો પણ ચાલશે અને એકટીવ રેઝીસ્ટન્સ એતો આસુરી પ્રકૃતિજ છે. ભારતીય પ્રજા દૈવી પ્રકૃતિને પુજનારી છે એટલે સત્યાગ્રહ ભારતની પ્રજાની રગેરગમાં હોય તેમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી. સત્યાગ્રહ વિષે આટલું વિવેચન કરી મહાત્મા ગાંધીની સરદારી હેઠળ દક્ષિણ આફ્રિકાના આપણા દેશબંધુઓ સત્યાગ્રહની લડત કેવી રીતે લડયા તે જાણવું ખાસ આવશ્યક છે.

દક્ષિણ આફ્રિકામાં કેમ લડયા?

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતની શરૂઆત ૧૯૦૬ ની સાલથી થઇ હતી અને ૧૯૧૩ ની સાલમાં તો લડતનો વિજયવંત રીતે અંત આવ્યો હતો. સાત વર્ષ પર્યંત ચાલેલી આવી મહાન લડતનો ઇતિહાસ ભાષણ દ્વારા કહી જવો એ અત્યંત મુશ્કેલ કામ છે છતાં ખાસ અગત્યના જાણવા જેવા બનાવોનું વર્ણન હું આ પ્રસંગે રજુ કરીશ. સત્યાગ્રહની લડતની શરૂઆત પ્રથમ ટ્રાંસવાલમાં થઇ હતી. એટલે ટ્રાંસવાલમાં વસી રહેલા હિંદીઓનો કંઇક ટુંકો ઇતિ-

હાસ જાણી લેવો એ ખાસ જરૂરનું છે. ટ્રાંસવાલમાં ડચ પ્રજાનું પ્રજાસત્તાક રાજ્ય ચાલતું હતું તે સમયથી ત્યાં ભારતીય પ્રજા વસતી આવી હતી. શરૂઆતમાં ત્યાં જનાર હિંદી પ્રજા સામે કોઇ પણ તરેહના કાયદાઓ ન હતા. કોઇ પણ હિંદી ત્યાં છુટથી જઇ શકતો. લડાઇ પહેલાં એ મુજબ ત્યાં ઘણા હિંદીઓ જઇ વસ્યા હતા. હિંદીઓ વેપારમાં ઘણાજ કુશળ હોવાથી તેમજ તેમની રહેણી અત્યંત સાદી અને સરળ હોવાથી તેઓ ટ્રાંસવાલમ ઝટ વેપાર પોતાને હાથ કરવા લાગ્યા. યુરોપીઅનોનું જીવન વૈભવી અને ખર્ચાળ હોવાથી વેપારી વર્ગ હરિફાઇમાં હિંદી સામે ટકી શકતો ન હતો. આને લીધે હિંદીઓ સામે દ્વેષની લાગણી પેદા થવા પામી અને હિંદીઓના આવવા ઉપર અંકુશ મૂકવાની વાત થઇ રહી અને પરિણામે એવો કાયદો થયો કે જે હિંદી પૌં. ૨૫ સરકારને ભરે તે જ ટ્રાંસવાલમાં દાખલ થઇ શકે. આવા ભારે કર સામે હિંદીઓએ વાંધો ઉઠાવ્યો એટલે એ રકમ ઘટાડી પૌં. ૩ ઠરાવ્યા એટલે કે હિંદી સરકારને પૌં. ૩ આપે તેને ડચ સરકારનું ટ્રાંસવાલમાં વસવા માટે રજીસ્ટર આપવામાં આવતું. તે સમયે ત્યાં બ્રિટીશ એલચી રહેતો એટલે હિંદી પ્રજાને તરત જ દાદ મળતી. હિંદીઓ સામે જે યુરોપીઅનોને સ્વાર્થને ખાતર દ્વેષ જ ઉત્પન્ન થયો હતો તેઓ ઉશ્કેરણી કરવાનું જ લઇ બેઠા હતા અને હિંદીના આવવા સામે સખત અંકુશ મૂકવાનો આગ્રહ વારંવાર કરતા રહેતા હતા. આ પ્રમાણે હિંદીઓ સામે ઉશ્કેરણી ચાલુ જ રહી ત્યારે ૧૮૮૫ ની સાલમાં લૉર્ડ મીલનરના આગ્રહથી હિંદી પ્રજાને રજીસ્ટર થવું પડ્યું અને હિંદીઓ ૧૮૮૫ ના ત્રીજા કાયદા મુજબ પોતાની મરજીથી રજીસ્ટર થયા. લોર્ડ મીલનરે તે સમયે ચોખ્ખી રીતે જણાવ્યું હતું કે આમ એક વાર તમે રજીસ્ટર થશો એટલે ભવિષ્યમાં તમારે ફરી રજીસ્ટર થવું નહીં પડશે અને જેઓને સર્ટીફીકેટ આપવામાં આવશે તેમને ટ્રાંસવાલમાં જાથુક વસવાના અને મરજી પડે તેમ આવવા જવાના હક રહેશે. આ

૧૮૮૫ ના કાયદા પ્રમાણે હિંદીઓ ત્યાં જમીનના માલીકો ન થઇ શકે તેમ જ તેઓને લોકેશન (ગોરાઓથી નોખે સ્થળે રહેવાની જગ્યા)માં રહેવું એમ ઠરાવ્યું. પરંતુ એ બાબતના એક કેસની તપાસ થતાં સુપ્રીમ કોર્ટમાં ચુકાદો આપવામાં આવ્યો કે હિંદીઓને લોકેશનમાં રહેવાની ફરજ પાડી શકાતી નથી. જે ગોરાઓ હિંદીઓની વિરૂદ્ધ હતા તેમને આ ચુકાદો એક ફટકા રૂપ થઇ પડયો અને તેથી ખીજાઇ હિંદીઓ સામે પોકારો કરવા ચાલુ રાખ્યા અને અનેક સ્થળે ગોરાઓએ સભાઓ ભરી હિંદીઓના આવવા સામે સખ્ત અંકુશ મૂકવા કાયદો ઘડવાનો સરકારને આગ્રહ કર્યો. એનું પરિણામ એ આવ્યું કે ૧૯૦૬ ની સાલમાં ટ્રાંસવાલની સરકારે એક કાયદો ઘડયો કે જે,

ખુની કાયદા

ને નામે ઓળખાયો. આ કાયદા માટેનું બીલ મહાત્મા ગાંધીજીના હાથમાં આવ્યું અને તે વાંચીને તરત જ તેમનું મગજ ઉકળી આવ્યું. એક સ્વમાન સમજનારી કોમ ઉપર આવો જુલમી કાયદો ન જ હોવો જોઇએ એમ તેમણે જાહેર કર્યું. હિંદીપ્રજા જાણે કે ચોર યા તો લુટારૂ કે ગુન્હેગાર ન હોય એવો તે કાયદાનો આભાસ પડતો હતો. 'ઇન્ડીઅન ઓપીનીઅન' પત્ર મારફતે કાયદામાં રહેલી ઝેરી કલમોનો તરજુમો આપી આવા જુલમી કાયદનો પ્રાણુન્તે પણ વશ ન થવું એવું રણશીંગુ મહાત્મા ગાંધીએ ફુંકયું. તે કાયદા અનુસાર ટ્રાંસવાલમાં વસ્તા દરેક હિંદીએ દશ આંગળાંની છાપ આપી ફરીથી રજીસ્ટર થવાનું હતું એટલું જ નહિ પરંતુ તેમાં બીજી એવી અપમાન ભરેલી કલમોનો સમાવેશ હતો કે સ્વમાન સમજનારી પ્રજા તે કદી પણ કબૂલ ન રાખે. આ કાયદા સામે પોકાર કરવાનું તરત જ શરૂ થઇ ગયું અને વડી સરકારની સંમતિ મળી જાય તે પહેલાં મહાત્મા ગાંધીની સરદારી હેઠળ એક ડેપ્યુટેશન વિલાયત ગયું. ડેપ્યુટેશને વિલાયતમાં અનેક રાજ્યદ્વારી પુરૂષોની મુલાકાત લીધી

અને તે વખતે કાયદા ઉપર સહી થતી વિલાયતમાં અટકી; પરંતુ પાછળથી જનરલ બોથા વિલાયત ગયા અને ઉંધું ચત્તું સમજાવી તે જ કાયદા ઉપર નામદાર શહેનશાહની સહી કરાવી લાવ્યા. જ્યારે એ હકિકત બહાર આવી ત્યારે આ કાયદાની સામે સત્યાગ્રહની લડત ઉઠાવવાની ઝુંબેશ ચાલી રહી. કાયદાને તાબે થઇ તે મુજબનાં રજીસ્ટરો ન લેવાં એવો કોમે નિશ્ચય કર્યો. ત્રણ હજાર મનુષ્યોની એક ગંજાવર સભામાં પ્રતિજ્ઞા લેવાઇ કે એક પણ હિંદીએ રજીસ્ટર ન થવું અને કાયદામાં જે સજા ફરમાવી હોય તે ખુશીથી ઉઠાવી લેવી. આ સમયે હિંદી કોમના આગેવાનોએ સરકારને એવું કહેણ પણ મોકલ્યું હતું કે અમો અમારી મરજીથી રજીસ્ટર થવા ખુશી છીએ; પરંતુ આવો અપમાન ભરેલો કાયદો અમારે સારૂ ન ઘટે. સરકારે પોતાની સત્તાના મદમાં હિંદી કોમની આ માંગણીનો અસ્વીકાર કર્યો ત્યારે જ કોમે કાયદાને તાબે ન થવાની ગંભીર પ્રતિજ્ઞા–સર્વ જોખમદારી સમજી લીધી હતી. આ કાયદાનો અમલ ૧૯૦૭ ના જુલાઇ માસથી શરૂ કરવાનો સરકારે ઠરાવ કર્યો. એ કાયદાનુસાર અમુક મુદતમાં લોકોએ રજીસ્ટર થઇ જવાનું હતું. હિંદી કોમે પણ સામે થવા નિશ્ચય કર્યો. હિંદીઓને રજીસ્ટર કરવા સરકારે ઑફીસ ખોલી. હિંદીઓએ રજીસ્ટર ઑફીસનો બહિષ્કાર કરી દીધો. કોઇ પણ હિંદી જાણ્યે અજાણ્યે ઑફીસમાં જઇ રજીસ્ટર ન લાવે તેટલા ખાતર ઑફીસની આસપાસ સ્વયંસેવકોએ દેખરેખ રાખવી શરૂ કરી. એક શહેરથી બીજે શહેર સરકારી અમલદારો ઑફીસ લઇ ફરવા લાગ્યા; પરંતુ એક પણ હિંદી રજીસ્ટર થવા બહાર ન નીકળ્યો. સરકારે જણાવેલી મુદત પણ પુરી થઇ. સરકાર નિરાશ થઇ. હવે હિંદી માત્ર ગુન્હેગાર હતા. સરકારે છેલ્લો પ્રયત્ન અજમાવ્યો કે એક માસની મહેરબાનીદાખલ વધુ મુદત આપવામાં આવે છે તે દરમીઆન સર્વેએ રજીસ્ટર લઇ લેવાં નહિ તો સરકાર કાયદેસર કામ લેશે. હિંદીઓ

જેલની પરવા રાખે એમ કયાં હતું? તે મુદત પણ પુરી થઇ. સરકારે કાયદાને શરણ થવાની છેલ્લી તક આપી તે પણ જતી રહી. લગભગ ૯૫ ટકા હિંદીઓ પોતાના ટેકને અને સોગંદને વળગી રહ્યા. આ વખતે મુશ્કેલીનો અંત આણવા ત્રણ હજાર હિંદીઓની સહી લઇ એક અરજી મોકલવામાં આવી હતી તેમાં જણાવવામાં આવ્યું હતું કે જો સરકાર કાયદાને હજી પણ મુલતવી રાખે તો હિંદીઓ પોતાની મરજીથી રજીસ્ટર થશે. આ અરજીને પણ ટોપલીમાં ફેંકી દેવામાં આવી. આખરે આગેવાનોને પકડી જેલમાં પુર્યા. કેટલાકોને દેશ છોડી ચાલ્યા જવાનો હુકમ કર્યો અને તેમ ન કરનારાઓને કેદમાં પુરવામાં આવ્યા. દરેક કોમના સેંકડો હિંદીઓ જેલમાં જઇને બેઠા. તેઓ વારંવાર કેદમાં ગયા. હિંદમાં ખળભળાટ થઇ રહ્યો. વિલાયતમાં પણ પોકાર થઇ રહ્યો ત્યારે સરકાર

સમાધાની

કરવા તૈયાર થઇ. તે સમયે 'લીડર' પત્રના અધિપતિ મી. કાર્ટરાઇટ મધ્યસ્થ થયા અને એક એવું કરારનામું થયું કે સત્યાગ્રહની લડત મુલતવી રાખવી અને ત્રણ માસમાં હિંદીઓએ કાયદાની બહાર પોતાની મેળે રજીસ્ટર થઇ જવું. રજીસ્ટર થઇ જવાનું કામ જો સંપૂર્ણ રીતે પાર પડે તો તિરસ્કારને પાત્ર થઇ પડેલો કાયદો સરકારે રદ કરવો. આ જ અરસામાં એક નવો ઇમીગ્રેશન કાયદો ઘડવામાં આવ્યો. તે તથા ખુની કાયદો એ બન્નેની સાથે એ અસર થતી હતી કે ગમે તેવી ઉંચી કેળવણી પામેલો હિંદી પણ ટ્રાંસવાલમાં કાયદેસર દાખલ ન થઇ શકે. આવી રીતે જાતિભેદવાળા કાયદા ઘડવામાં સરકાર જરા પણ આંચકો ખાતી ન હતી. હિંદી કોમે કરારનામા પ્રમાણે પોતાની મેળે રજીસ્ટર થવાનું કામ સંતોષકારક રીતે પાર પાડયું અને લોર્ડ સેલબૉર્ને પણ એ બાબત સંતોષ જાહેર કર્યો હતો. હિંદીઓએ પોતાનું વચન પાળ્યું. પછી વચન પાળવાનો સરકારનો સમય આવ્યો ત્યારે કાયદો રદ કરવાની

જનરલ સ્મટ્સે ના પાડી. આથી કોમમાં મોટો ખળભળાટ થઇ રહ્યો અને સત્યાગ્રહની લડત ફરી શરૂ કરવા હિંદી પ્રજા તૈયાર થઇ. લીધેલાં રજીસ્ટરો એક મોટી સભા મેળવી ત્યાં બાળી મૂક્યાં, અને

લડત ફરી શરૂ થઈ.

આ વખતે લડત વધુ જોસથી ચાલી. નાતાલથી પણ અનેક હિંદીઓ જેલમાં જવાને આવ્યા. લડત પૂર્ણ જોસમાં શરૂ થઇ. ટ્રાંસવાલમાં જુના કાયદેસર વસી રહેલા સેંકડો હિંદીઓને દેશપાર કર્યાં. સેંકડોને પકડી જેલમાં પુર્યા. ટ્રાંસવાલના કેટલાક, સમજુ યુરોપીઅનોએ એકઠા થઇ હિંદીઓને મદદ કરવા એક કમિટી પણ સ્થાપી. આખા સાઉથ આફ્રિકામાં આ સમયે દરેક સ્થળે હિંદીઓની ગંજાવર સભાઓ ભરાયા કરતી. જેલમાં અમલદારો સત્યાગ્રહીઓનો જુસ્સો તોડી પાડવા સખત વર્તન ચલાવી રહ્યા. લડત જેમ જેમ વધતી ગઇ તેમ તેમ તેનું સ્વરૂપ લોકો ચોખ્ખી રીતે સમજવા લાગ્યા. પ્રજા નિડર બની અને સત્યાગ્રહીઓની હાર કદી છે જ નહિ એવી દ્રઢ માન્યતા થતી ગઇ. લડતની કીર્તિ ઝળકી ઉઠી. સન ૧૯૦૯ ની અધવચમાં હિંદ તથા ઇંગ્લાંડ ડેપ્યુટેશનો ગયાં. હિંદ અને વિલાયતથી મોટી મદદો મળી. ૧૯૧૦ માં દક્ષિણ આફ્રિકામાં યુનીઅન થયું અને નવી સ્થિતિનો લાભ લઇ વડી સરકારે સૂચના કરી કે ૧૯૦૭ નો ખુની કાયદો રદ કરવો અને જાતિભેદ કાયદામાંથી દૂર કરવો અને હિંદી કોમની જરૂરીઆત માટે દર વર્ષે અમુક કેળવાએલા હિંદીઓને દાખલ કરવા. આખરે ૧૯૧૧ માં એક નવું બીલ ઘડયું અને મુશ્કેલીનો અંત આણવા પ્રયત્ન કરવામાં આવ્યો. ૧૯૦૭ નો ખુની કાયદો સરકારે રદ કર્યો પરંતુ યુનીઅનને માટે નવો કાયદો કરતાં તેમાં જાતીભેદ ઉલટો વધતો હતો અને બીજા પ્રાંતના હિંદીઓના હક માર્યા જતા હતા એટલે સરકાર સાથે ફરી પાછી વાતચીત અને લખાણો શરૂ થયાં.

પરિણામ એ આવ્યું કે પ્રોવીઝનલ સેટલમેંટ થયું અને લડત બીજો કાયદો પાર્લામેંટમાં પસાર થાય ત્યાં સુધી મુલતવી રાખવાનું ઠર્યું. ૧૯૧૨ ની સાલમાં પાર્લામેંટમાં બીજું બીલ દાખલ થયું તેની પણ એ જ દશા થઈ અને પ્રોવીઝનલ સેટલમેન્ટની મુદત એક વર્ષની વધારી લડત મુલત્વી રાખવામાં આવી. આ વર્ષમાં સ્વર્ગસ્થ ગોખલે હિંદીઓનાં દુઃખો નજરે જોવા આવ્યા. તેમણે સરકાર સાથે મસલત ચલાવી. આ વખતે સરકારે નાતાલના ગીરમીટીઆ મજુર પાસેથી લેવામાં આવતો પૌંડ ૩ નો કર રદ કરવાનું તેમને વચન આપ્યું તે વાત તેમણે હિંદી કોમને જાહેર રીતે જણાવી હતી.

પૌંડ ૩ નો કર

નાતાલમાં ગીરમીટીઆ મજુરો અમુક વર્ષની મુદત માટે આવતા હતા તેઓ પોતાની મુદત પુરી કરી રહે કે તેમણે હિંદ પાછું જવું જોઇએ અને જો તેઓ હિંદ પાછા ન જાય અને નાતાલમાં જ રહે તો વરસે દિવસે તેણે સરકારને પા. ૩ નો કર ભરવો જોઇએ. આ કર ૧૬ વર્ષની ઉમરના છોકરા તેમ જ ૧૩ વર્ષની ઉમરની છોકરીઓ પાસે પણ લેવામાં આવતો હતો. એટલે કે એક છુટા થએલા ગીરમીટીઆ કુટુંબમાં એક પુરૂષ તેની સ્ત્રી, એક ૧૬ વર્ષની ઉમરનો પુત્ર અને ૧૩ વર્ષની ઉમરની પુત્રી હોય તો તે કુટુંબે વરસના પા. ૧૨ સરકારને કર ભરવો જોઇએ. આવી સ્થિતિને લીધે અનેક સ્ત્રીઓને અનીતિમાં ઉતરવું પડયું છે. કોઇ પણ રાજ્યમાં સ્ત્રીઓ પાસે આવી રીતે જુલમી કર લેવાનું સાંભળવામાં આવ્યું નથી. સામ્રાજ્યના એક ભાગમાં પ્રમાણિકપણે જાત મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવનાર એક અબળા, તેર વર્ષની નાજુક બાળા પાસે કર લેવાનું અધમ પગલું સંસ્થાનોએ ભરી હિંદના રાંકડાં મજુરોના ઉપર અસહ્ય જુલમ ગુજાર્યો છે.

૧૯૧૩ ની સાલમાં પાર્લામેંટમાં યુનીઅન સરકારે હિંદી સવાલનો નિકાલ લાવવા માટે એક બીજું ઇમીગ્રેશન બીલ દાખલ કર્યું.

પરંતુ તેથી પણ હિંદી કોમની માંગણીનો અમલ થતો ન હતો. કાયદાની અંદર વર્ણદ્વેષ યાને જાતિભેદ બીલકુલ હોવો ન જોઇએ એ હિંદીઓ બીજી માંગણી ઉપરાંત ખાસ માંગતા હતા. આ નવા બીલથી જાતિભેદ કાયમ રહેતો હતો તે સિવાય તે જ અરસામાં જસ્ટીસ સર્લેએ હિંદી લગ્નના સંબંધમાં એક દુઃખદાયક ચુકાદો આપ્યો તેથી હિંદીઓ એકદમ ચોંકી ઉઠયા.

હિંદી લગ્નનો સવાલ.

દક્ષિણ આફ્રિકામાં કાયદેસર વસી રહેલા હિંદીઓને પોતાની સ્ત્રી તથા સોળ વર્ષની અંદરના બાળકોને સાથે લઇ જવાનો કાયદો છુટ આપે છે. પોર્ટ ઇલિઝાબેથમાં વસતા એક મુસલમાને પોતાની સ્ત્રીને હિંદથી સાઉથ આફ્રિકા બોલાવી. સરકારે તે સ્ત્રીને Prohibited Immigrant (બાધીત ઉતારૂ) તરીકે જાહેર કરી. જસ્ટીસ સર્લેએ ચુકાદો આપતાં જાહેર કર્યું કે એ સ્ત્રીનાં લગ્ન ખ્રીસ્તી ધર્માનુસાર થયાં નથી એટલે તે પોતાના પતિની સાથે રહી ન શકે. આ ચુકાદાથી એમ ઠરતું હતું કે હિંદુ, મુસલમાન તેમજ પારસીઓએ પોતાના ધર્મ મુજબ લગ્ન કરેલાં હોય તે સાઉથ આફ્રિકાનો કાયદો કબૂલ ન રાખે. આ ચુકાદો બહાર પડતાં જ હિંદીઓએ દરેક સ્થળે મોટી સભાઓ ભરી પોતાનો વાંધો દર્શાવ્યો અને આખા હિંદી સવાલનું નિરાકરણ કરવા સરકાર સાથે પત્રવ્યવહાર ચલાવ્યો અને છેવટમાં નીચે મુજબની માંગણીઓ સરકાર પાસે કરી અને જો તે માંગણીઓ કબૂલ ન રાખવામાં આવે તો સત્યાગ્રહની લડત ફરીથી શરૂ કરવાનો નિશ્ચય કર્યો.

છેવટની માંગણીઓ.

સરકાર પાસે છેવટની માંગણીઓ કરવામાં આવી હતી તે પાંચ હતી. (૧) હિંદી લગ્નોને કાયદેસર ઠરાવવાં, (૨) ફ્રી સ્ટેટ સંબંધી કાયદાઓમાંથી જાતિભેદ દૂર કરવો, (૩) દક્ષિણ આફ્રિકામાં

જન્મેલા હિંદીઓનો કેંપમાં દાખલ થવાનો હક જાળવી રાખવો, (૪) ત્રણ પૌંડનો જુલમી કર નાતાલના ગીરમીટીઆઓ પાસેથી લેવામાં આવે છે તે રદ કરવો અને (૫) જે કાયદાઓ હસ્તી ધરાવે છે તેનો અમલ નરમાશ અને ન્યાયથી કરવો. આ પાંચ માંગણી સરકાર પાસે કરવામાં આવી અને જો તે કબૂલ રાખવામાં ન આવે તો સત્યાગ્રહની લડત ફરીથી શરૂ કરવામાં આવશે એવી ચેતવણી સરકારને આપવામાં આવી. સરકારે તેની દરકાર ન કરી એટલે સત્યાગ્રહની છેવટની લડાઈ શરૂ થઈ કે જે લડતે આખી સુધરેલી સૃષ્ટિમાં ખળભળાટ મચાવી મૂકયો.

છેલ્લી સત્યાગ્રહની લડત.

ઉપર દર્શાવેલી પાંચ માંગણીનું અલ્ટીમેટમ સરકારને મોકલી મહાત્મા ગાંધીજી જોહાન્સબર્ગથી પોતાના ફીનીકસ આશ્રમમાં ગયા. ત્યાં જઈ હવે આ અંતની લડત કેવી રીતે લડવી તે બાબત ઉપર વિચાર ચલાવવા લાગ્યા. એક દિવસે ફીનીકસ આશ્રમમાં રહેતા પુરૂષ, સ્ત્રી તથા વિદ્યાર્થીઓ સાથે તેઓ બેઠા હતા ત્યાં તેમણે પોતાના પત્ની શ્રીમતિ કસ્તુરબેનને કહ્યું કે, 'આજથી તમે મારી સ્ત્રી હોવાનો કાયદેસર દાવો ન કરી શકો'. એક હિંદુ પત્નીને સ્વાભાવિક રીતે આથી વિચિત્ર લાગણી થાયજ. શ્રીમતિ કસ્તુર બેને કહ્યું 'આપ એવી શું વાતો કરોછો?' મહાત્મા ગાંધીજીએ કહ્યું કે 'હું ખરૂંજ કહું છું. આપણા ધર્મો પ્રમાણે થએલાં લગ્ન આ દેશમાં સરકાર હવે કબૂલ ન રાખે એટલે તમે મારી સ્ત્રી હોવાનો દાવો ન કરી શકો'. શ્રીમતિ કસ્તુરબ્હેને તરતજ દર્શાવ્યું કે, 'એવો કાયદો હોય તો તરતજ તેની સામે લડવું જોઇએ' મહાત્મા ગાંધીજીને પ્રત્યુતર મળી રહ્યો. તેમણે પુછ્યું 'તમે એવા કાયદા સામે થઇ જેલમાં જશો? જેલમાં જાત જાતનાં દુઃખો સહન કરવાં પડશે'. શ્રીમતિ કસ્તુર બ્હેને 'ગમે તે દુઃખો સહન કરવાં પડે તેની દરકાર નથી પરંતુ આવા કાયદા સામે લડવું જ જોઇએ' એમ

દ્રઢતાથી જાહેર કર્યું. તરતજ ત્યાં ઠરાવ થયો કે ફીનીકસમાં વસતા પુરૂષો, સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓએ નાતાલ છોડી એકદમ ટ્રાંસવાલમાં દાખલ થવું અને ટ્રાંસવાલની સરહદ ઉપર જઇ પોતાની ઓળખો ન આપી, ટ્રાંસવાલમાં વસવા માટેની પરમીટો કોઈ પાસે હોય તો તે બતાવવાની ના પાડી તરતજ જેલ જવું.

એક ટુકડી ઉપડી ગઈ.

ફીનીકસથી સોળ જણની એક ટુકડી ટ્રાંસવાલ જવા માટે ઉપડી જેમાં ચાર સ્ત્રીઓ, છ વિદ્યાર્થીઓ અને છ પુરૂષો હતો. તેઓ સર્વ ટ્રાંસવાલમાં દાખલ થયા. કોઇએ ત્યાં પોતાનાં નામો આપ્યાં નહિ. ટ્રાંસવાલમાં ગેરકાયદેસર દાખલ થવા માટે તેમને પકડવામાં આવ્યા અને દરેકને ત્રણ માસની સખત મજુરી સાથની કેદની સજા થઇ. સ્ત્રીઓ તેમજ વિદ્યાર્થીઓને પણ આવી સખત સજા થઇ છે એ વાત આખા દક્ષિણ આફ્રિકામાં પ્રસરી ગઇ અને લોકો એકદમ જાગૃત થઇ ગયા.

ઇન્ડીઅન વિમેનસ એસોસીએશનની તૈયારી.

જોહાન્સબર્ગમાં ઇન્ડીઅન વિમેનસ એસોસીએશન નામનું એક સ્ત્રીઓનું મંડળ છે. મિસિસ ગાંધી કેટલીક સ્ત્રીઓની સાથે કેદમાં ગયાં છે તે વાત જાણતાં જ આ એસોસીએશનની સ્ત્રીઓએ પણ જેલમાં જવાનો ઠરાવ કર્યો અને બાર સ્ત્રીઓ જોહાનેસબર્ગ છોડી ઓરેંજ ફ્રી સ્ટેટમાં દાખલ થઇ. ઓરેંજ ફ્રી સ્ટેટમાં હિંદીઓ દાખલ થઇ શકતા નથી. તે કાયદાનો ભંગ કરી આ સ્ત્રીઓ ત્યાં દાખલ થઇ. સરકારે તેમને ત્યાં પકડી નહિ. સરકારે પણ હિંદીઓ સામે આ સમયે સત્યાગ્રહ ધારણ કરવાનો નિશ્ચય કર્યો. સરકાર હિંદીઓને કેદમાં પુરી પુરીને કાયર થઇ રહી હતી. એટલે હિંદીઓને જેલમાં ન પુરવા એવું વલણ સરકારે લીધું. સ્ત્રીઓ નિરાશ થઇ. ત્યાર બાદ સ્ત્રીઓએ લાઇસેન્સ લીધાં સિવાય ફળઆદિ વસ્તુઓ ખરીદી ફેરી કરવાનું શરૂ કર્યું અને પોલીસને જાતે જઇને

ખબર આપ્યા કે અમે લાઇસેન્સ લીધા સિવાય ફળની ફેરી કરીએ છીએ અને તમારા કાયદાનો ખુલ્લી રીતે ભંગ કરીએ છીએ તો પણ પોલીસે તેમને પકડી નહિ. એજ સમયે જોહાન્સબર્ગમાં ઘણા હિંદીઓ ટોપલીઓમાં શાક ભાજી ફળ વિગેરે લઇ વેચવા બહાર નીકળી પડયા. ફેરીનો ધંધો કરનારને મ્યુનિસિપાલીટીમાં ફી ભરીને લાઇસેન્સ લેવું પડે છે અને જેની પાસે લાઇસેન્સ હોય તેઓજ ફલ વિગેરેની ફેરી કરી શકે છે. જોહાન્સબર્ગમાં પુરૂષોએ લાઇસેન્સ સિવાય ફેરી ફરવાની શરૂઆત કરી. સરકારે આ હિંદીઓને ન પકડવાનાં હુકમ કહાડયા. હિંદીઓ નિરાશ થયા. તેઓ રસ્તા ઉપર પોલીસની પાસે જઇ કાયદાનો ભંગ કરી ફેરી કરીએ છીએ એમ પોકાર પાડી જણાવવા લાગ્યા તો પણ તેમને પકડવાનું મુલત્વી રાખ્યું. જ્યારે હિંદીઓ દરરોજ પોલીસને આ પ્રમાણે હેરાન કરવા લાગ્યા ત્યારે થોડા ઘણાઓને પકડવામાં આવ્યા અને તેમને જેલમાં મોકલ્યા. ફ્રી સ્ટેટમાં ગએલી સ્ત્રીઓને જ્યારે ત્યાં ન પકડી ત્યારે તેઓએ નાતાલ જઇ કોલસાની ખાણોમાં કામ કરતા ગીરમીટીઆ મજુરો પાસે હડતાળ પડાવવાનો વિચાર કરી તેઓ તરત નાતાલ ઉપડી. ત્યાં જઇને પણ તેઓએ લાઇસેન્સ સિવાય ફેરી ફરવાનું શરૂ કર્યું તો પણ તેમને પકડવામાં ન આવી એટલે તેઓ કોલસાની ખાણોમાં પહોંચી અને ત્યાં મજુરોની આગળ પૌં. ૩ ના જુલમી કર વિષે સમજુત આપી કામ છોડી દેવાની ઉશ્કેરણી કરવા લાગી. શ્રીમતિ ગાંધી પોતાની નાજુક તબિયત છતાં પોતાના નાના બાળકો સાથે કારાગ્રહનાં દુ:ખો તમારે માટે વેઠે છે આવી ખબર ગીરમીટી-આઓને મળતાં તેઓ એકદમ હથિઆર છોડી દઇ ખાણોમાંથી બહાર નીકળી ગયા અને હડતાળ પાડી દીધી.

હડતાળની શરૂઆત.

હડતાળ પડતાંની ખબર મહાત્મા ગાંધીને પડતાં તેઓ તરત જ ન્યુકેસલ આવ્યા અને ત્યાં પોતાનું મુખ્ય મથક રાખ્યું. સરકારને

આ સમયે મહાત્મા ગાંધીએ પત્ર લખી હડતાળ ભવિષ્યમાં નાતાલમાં મોટું સ્વરૂપ પકડશે અને ગંભીર સ્થિતિ ઉત્પન્ન થશે તે વિષે ચેતવણી આપી અને હિંદીઓની પાંચે માગણીને કબૂલ રાખી લડતનો અંત લાવવા અરજ ગુજારી. પરંતુ સત્તાના મદમાં છકી રહેલી યુનીઅન સરકારે મહાત્મા ગાંધીના એ પત્ર પર ધ્યાન ન આપ્યું. હડતાળ એકદમ વધી ગઇ અને કોલસાની ખાણોમાં કામ કરતા લગભગ ચાર હજાર ગીરમીટીઆઓ મહાત્મા ગાંધી પાસે ન્યુકેસલ આવી એકઠા થયા. ગીરમીટના કાયદા પ્રમાણે આ સર્વ મજુરો ગુન્હેગાર હતા કારણ કે જે સ્થળે તેઓ કામ કરતા હોય તે સ્થળેથી એક માઇલ દૂર પોતાના માલીકની ચીઠ્ઠી સિવાય તેઓ જઇ શકતા નથી એવો તેમને માટે કાયદો છે. એ કાયદા મુજબ ન્યુકેસલ આવેલા સર્વ હડતાળીઆઓ ગુન્હેગાર હતા તેમ જ તેમને આશરો આપનાર પણ ગુન્હેગાર લેખાતા હતા. આવા ગંજાવર ટોળાંને પકડી કેદમાં કેમ પુરવા તેની ચિંતા પણ સરકારને થઇ પડી. આ ત્રણ હજાર ગીરમીટીઆઓનાં ટોળામાં સ્ત્રીપુરૂષો તેમ જ બાળકો પણ હતાં. આ સર્વને એક જગ્યાએ રાખવાં, તેમના ખોરાક, તંદુરસ્તી વિગેરેની સંભાળ રાખવી વિગેરે કાર્ય કેટલું ભારે થઇ પડેલું હશે તેનો ખ્યાલ નજરે જોનારને આવી શકે એમ છે.

ત્રણ હજાર હડતાળીઆઓનાં કુચ.

ન્યુકેસલમાં મહાત્મા ગાંધીના આશરા હેઠળ રહેલા આ ત્રણ હજાર માણસોને જ્યારે ત્યાં પકડવામાં ન આવ્યા ત્યારે મહાત્મા ગાંધીએ વિચાર્યું કે આ સર્વ માણસોને જેલમાં મોકલવા માટે ટ્રાંસવાલ લઇ જવા. એટલે સરકારને પકડયા સિવાય છુટકો જ રહેશે નહિ એમ ધારી ત્રણ હજાર માણસોને સાથે લઇ તેઓ ટ્રાંસવાલની કુચ માટે ઉપડયા અને નાતાલની સરહદના છેલ્લા શહેર ચાર્લ્સ ટાઉનમાં પોતાની કેમ્પ નાખી. ત્યાં આવી એવો વિચાર રાખવામાં આવ્યો હતો કે ટ્રાંસવાલમાં દાખલ થવું અને જો પકડવામાં

ન આવે તો સર્વેને જોહાન્સબર્ગમાં ટોલસ્ટોય ફાર્મમાં લઇ જઇને રાખવા.

ટોલસ્ટોય ફાર્મ.

આ ટોલસ્ટોય ફાર્મના માલીક મી. કેલનબેક છે. મી. કેલનબેક મહાત્મા ગાંધીના પરમ મિત્ર છે. તેઓ સત્યાગ્રહની લડતમાં પૂર્ણ ઉત્સાહથી ભાગ લેતા આવ્યા હતા અને હડતાળીઆઓને મદદ કરવા તેમને ત્રણ માસની સાદા જેલની સજા કરવામાં આવી હતી. સત્યાગ્રહની લડત બીજી વાર શરૂ થઇ ત્યારે મી. કેલનબેકે જોહાન્સબર્ગથી ૨૨ માઇલને છેટે એક ખેતર લગભગ ૧૨૦૦ એકરનું ખરીદ્યું અને જે સત્યાગ્રહીઓ પોતાનું સર્વ છોડી લડવામાં જ ગુંથાએલા હતા તેમને પોતાના સ્ત્રી, બાળકો સાથે ત્યાં રાખવાનો વિચાર રાખ્યો. ત્યાંથી સરકાર પકડે તો કેદમાં જવું અને છુટીને ત્યાં પાછું જ આવવું અને સરકાર ન પકડે તો ખેતરમાં ખેતીનું કામ કરવું, એમ ઠર્યું હતું. મહાત્મા ગાંધીજી તેમજ મી. કેલનબેકને રૂશીઆના મહાન સત્યાગ્રહી ટોલસ્ટોયના સિદ્ધાંતો અતિ પ્રિય હોવાથી એ ખેતરનું નામ 'ટોલસ્ટોય ફાર્મ' રાખ્યું હતું. જો હડતાળીઆઓને પકડવામાં ન આવે તો આ ફાર્મમાં લઈ જઇને રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. ન્યુકાસલથી આ મોટા ટોળાંને લઇ મહાત્મા ગાંધી ટ્રાંસવાલની સરહદનું પહેલું શહેર વૉલ્કસરસ્ટ છે તેમાં દાખલ થયા. રસ્તામાં પોલીસે આવી કેટલાક હડતાળીઆઓને પકડયા હતા. વોલ્કસરસ્ટમાં એકાદ દિવસ રહી કુચ પાછી શરૂ થઇ. આ કુચમાં લગભગ ૨૦૦૦ થી વધુ માણસો હતાં. તેમાં ૧૨૨ સ્ત્રીઓ અને ૫૦ બાળકો હતાં. વૉલ્કસરસ્ટથી હડતાળીઆઓ પામફોર્ડ જનાર હતા. મહાત્મા ગાંધીને રસ્તામાં પોલીસે વોરંટથી પકડયા. તેમને વોલ્કસરસ્ટ લઇ ગયા ત્યાં કોર્ટમાં તે જામીન આપી છુટા થઇ તરત પાછા હડતાળીઆઓની કુચમાં ભળ્યા અને સ્ટાંડર્ટીન સુધી પહોંચ્યા. ત્યાં પોલીસે ઘણાક હડતાળીઆઓને પકડયા અને પાછા

નાતાલ મોકલી દીધા. મી. કેલનબેક પણ સાથેજ હતા અને મી. પોલાક પણ ત્યાં આવી મળ્યા. રહેલા માણસોએ કુચ પાછી શરૂ કરી અને તેઓ સર્વ ગ્રેલીગસ્ટડ આવી પહોંચ્યા. અહીં આગળ ટ્રાંસવાલનો મુખ્ય ઇમીગ્રેશન અમલદાર પોલીસના માણસોને લઇ આવ્યો અને મહાત્મા ગાંધીને ગીરમીટના કાયદાનો ભંગ કરવા માટે પકડયા. તેમની જોખમદારી મી. પોલાકે લીધી અને કુચ ત્યાંથી પાછી શરૂ કરી અને બાલફૂર આવી પહોંચ્યા. ત્યાં કેટલીએક ટ્રેનો તૈયાર રાખી હતી. મહાત્મા ગાંધીને ડંડીની કોર્ટમાં લઇ ગયા અને ત્યાં તેમના ઉપર ત્રણ આરોપો મૂકયા. પોતે ગુન્હેગાર છે એમ કબૂલ્યું અને તેમને એક વર્ષની કેદની સજા ફરમાવવામાં આવી. બાલફૂર આગળ મહાત્મા ગાંધીને પકડી જવાથી ઉશ્કેરાએલા હડતાળીઆઓ ટ્રેનમાં બેસી નાતાલ જવા આનાકાની કરતા હતા. પરંતુ મી. પોલાક તેમજ બીજા હિંદી આગેવાનોની સમજાવટથી તેઓ ટ્રેનમાં બેઠા અને હથિઆરબંધ પોલીસની ટુકડી સાથે તેમને નાતાલ પાછા લઇ જવામાં આવ્યા જ્યાં આગળ ખુલ્લા મેદાનમાં તાર બાંધી લઇ તેઓને કેદમાં પુર્યા. આ પ્રમાણે કુચની પુર્ણાહુતિ થઇ. મી. કેલનબેક તથા મી. પોલાકને પણ સજા કરી કેદમાં પુર્યા.

હડતાળનો મોટો પ્રચાર.

ઉપલી હડતાળનો આવી રીતે અંત આવ્યા બાદ ડરબન અને તેની પાસેના જીલ્લાઓમાં શેરડીના ખેતરોમાં કામ કરતા ગીરમીટીઆઓએ મોટી હડતાળ પાડી. મહાત્મા ગાંધી જેલમાં જતાં કોઇ પણ જાતના પ્રયાસ સિવાય હડતાળ આપોઆપ જ એકદમ આખા નાતાલમાં પ્રસરી રહી અને આ છેલ્લી લડતમાં ૨૦,૦૦૦ હિંદીઓએ ભાગ લીધો. નાતાલમાં શેરડીના એક કારખાનામાં હડતાળીઆઓ તથા પોલીસ વચ્ચે ઝપાઝપી થઇ અને તેને પરિણામે પોલીસે બંદુકની ગોળીઓના બહાર કર્યા, જેના પરિણામે અનેક હડતા-

બીઆઓ ઘાયલ થયા તથા માર્યા ગયા અને હિંદ તથા વિલાયતમાં ખળભળાટ થઇ રહ્યો. સ્થિતિ એટલી બધી ગંભીર થઇ પડી કે હિંદી કોમના જાણીતા દરેક આગેવાનને પકડી જેલમાં પુરવામાં આવ્યા હતા અને હડતાળીઆઓની દેખરેખ રાખવાને પણ કોઇ રહ્યું નહિ. એક આગેવાનને પકડયો કે તેની જગ્યાએ બીજો આવી ઉભો જ છે. તે જતાં તેની જગ્યા ત્રીજાએ લઇ લીધી હોય. આમ વારંવાર આગેવાનો પકડાતાં ત્યાં કોઇ જોખમદાર બીજું સંભાળી શકે એવું ન રહેવાથી મહાત્મા ગોખલેએ મેસર્સ એંડ્રુસ અને પીઅરસનને તરત હિંદથી આફ્રિકા રવાના કર્યા. હિંદમાં લોકલાગણીનો જુસ્સો એટલો બધો વધ્યો હતો કે સ્થિતિ અત્યંત ચિંતાજનક થઇ પડી હતી. આખરે ભલા વૉઇસરૉય લૉર્ડ હાર્ડિંજ વ્હારે ધાયા અને તેમણે સત્યાગ્રહની લડતને મદ્રાસમાં જાહેર રીતે ઉત્તેજન આપ્યું અને હિંદના જાહેર મતને તેમણે પુષ્ટિ આપી. વડી સરકાર અને હિંદી સરકારના આગ્રહથી યુનીઅન સરકારે એક કમીશન નીમ્યું અને હિંદીઓનાં દુ:ખોની તપાસ કરવાનો હુકમ થયો. હિંદી સરકારે સર બેન્જામીન રોબર્ટસનને ત્યાં કમીશનમાં મોકલ્યા અને સાત વર્ષની લાંબી મુદ્દતે જે છેલ્લી પાંચ માંગણીઓ હિંદી કોમે કરી હતી તે સરકારે આખરે કબુલ રાખી સત્યાગ્રહની લડતનો અંત આણ્યો.

મહાત્મા ગાંધીના સ્મરણીય પ્રસંગો.

આ મહાન લડતના મોજીની મહાત્મા ગાંધીજીએ જે અપ્રતિમ શૌર્ય, નીડરતા, સ્વદેશ પ્રેમ, ક્ષમા વૃત્તિ અને સત્યના આગ્રહ માટે દ્રઢ નિશ્ચયો બતાવ્યા છે તેથી અવધિ થઇ ગઇ છે. તેનું વર્ણન ટુંકમાં ભાષણ દ્વારા ન થઇ શકે છતાં જે બે ત્રણ ચાર પ્રસંગો મનનીય છે તે અત્રે આપવા યોગ્ય ધાર્યું છે:—

પ્રજાની આગેવાની લઇ તેને શુદ્ધ અને સત્ય માર્ગે દોરવવાનું કર્ત્તવ્ય બજાવવાનું જે પુરૂષના સદ્‌ભાગ્યમાં લખાયલું છે, તેનામાં

ચારિત્રબળ કેટલું હોવું જોઇએ તેનો દાખલો આધુનિક સમયના હિંદી આગેવાનોમાં તો સાધુ મોહનદાસે જ બતાવી આપ્યો છે. પ્રજાની સેવા કરવી એટલે તેઓ એમ જ માને છે કે પરમાત્માની સેવા કરવી. પ્રજાસેવા અને પ્રભુસેવા એમાં તેઓ ભિન્નતા જોતા નથી. પવિત્ર આર્યાવર્તની સેવા બજાવવા ઇચ્છનારાઓને તેમજ ભારતના આગેવાનોને તે ખાસ અનુકરણીય હોવાથી તેમના જીવનના કેટલાક અપ્રસિદ્ધ પ્રસંગો અત્રે આપવા અસ્થાને ગણાશે નહિ.

* * *

(૧) અગાધ પ્રેમ અને સ્વદેશ વાત્સલ્યથી ઉભરાઇ જતું એક દૃશ્ય આ પ્રસંગે સુજ્ઞ વાચકો સમક્ષ રજુ કરૂં છું:—સત્યાગ્રહની મહાભારત લડતના ઇતિહાસમાં તા. ૨૨-૧૨-૧૯૧૩ સોમવારનો દિવસ ન વિસરાય એવો હતો. ડરબન શહેરમાં પારસી રૂસ્તમજી-હિંદીઓના કાકાજી અને એક વયોવૃદ્ધ સત્યાગ્રહી-નું ઘર હિંદીઓથી તે દિવસે ઉભરાઇ રહેલું હતું. ઘરને લગતા વાડામાં સેંકડો હડતાળીઆઓ પોતાની સ્ત્રીઓ તેમ જ બાળકોને લઇને બેઠા હતા. હડતાલના સમયે બંદુકોની ગોળીઓના બહારથી ઘાયલ થએલાઓ પણ ત્યાં હાજર હતા. મૃત્યુને વશ થએલા હડતાલીઆઓની વિધવા થએલી સ્ત્રીઓ પોતાનાં નાનાં બાળકોને સોડમાં સમેટીને ત્યાં બેઠેલી હતી. સાંજના ચાર વાગ્યાને સુમારે મહાત્મા ગાંધી ત્યાં આવ્યા. તેમને કારાગ્રહમાંથી છુટયાને માત્ર બે જ દિવસ થયા હતા. તેઓ ત્યાં આવી આ ગીરમીટીઆનાં ટોળામાં દાખલ થયા. વાડામાં એક ખુણામાં જ્યાં મર્હુમ સુબ્રાઇ અને સેલ્વનની (ગોળી બહારથી માર્યા ગએલા ગીરીમીટીઆ) વિધવાઓ બેઠી હતી તેમની પાસે તેઓ ગયા. તે વિધવાઓના હૃદયમાં આ સાધુ પુરૂષને જોઇ ઉત્સાહ આવ્યો, અને તેઓ તેના ચરણમાં જઇ લોટી પડી. તેમણે મહા મહેનતે અત્યંત સ્નેહથી તેમને ઉઠાડયાં. સામે ઉભેલી એક વિધવાના ખભા ઉપર હાથ મુકી તેના તરફ એક જ દૃષ્ટિએ જોઇ રહ્યા. આ

વખતે તેમના હૃદયના ભાવ કેવા અલૌકિક હશે તેનો ખ્યાલ તેમને નજરે જોનારને જ આવી શકે. વિધવાઓની આંખમાંથી અશ્રુધારા વહી જતી હતી. આ દીન અને દુઃખી વિધવાઓના રૂદનમાં સકળ હિંદીકોમની દુઃખી અને અતિ દીન સ્થિતિ આ મહાન પુરૂષે જોઈ. તે મહાન પુરૂષના ચહેરા ઉપરથી એમ જ લાગતું હતું કે અતિ કંગાળ સ્થિતિમાં ખુદ હિંદદેવી જ ઉભાં હોય અને તેના કંગાળ દીકરા સામે આમ હૃદયભેદક રૂદન કરતાં ન હોય!! 'સકલ સંસારનાં જુલમને પગ નીચે કચરી નાંખું' એવી ભીષ્મપ્રતિજ્ઞા જાણે ન લીધી હોય એવું તેમની આંખોના ભાવ જણાવતા હતા. વિધવા દેવીના ખભાપર હાથ મૂકી તેમણે એક તામીલ ભાષા જાણનાર મદ્રાસીને દુભાષીઆનું કાર્ય કરવા બોલાવ્યો. અને ધીરતાથી તેના મુખમાંથી સ્વાભાવિક પરંતુ અત્યંત ભારે અને સચોટ શબ્દો એક પછી એક નીકળવા લાગ્યા. દુભાષીએ તામીલમાં સમજાવતો હતો:-

'માતા, છાની રહે; તું રડ નહિ. મારાથી નથી રહેવાતું; તારો પતિ જે જુલમગારોના હાથે માર્યો ગયો છે, તે હાલમાં પ્રભુને ખોળે જઈ બેઠો હશે. તેણે પોતાના દેશની ખાતર પોતાના દેહની કુરબાની આપી છે. તેનું નામ અમરત્વને પામ્યું છે. તે પથારીવશ રહી કોઈ વ્યાધિથી પીડા પામી મૃત્યુવશ થયો હત, તો આજ હું આમ તારી સમક્ષ આવી ઉભો ન હત. સંસાર પણ તેને વિષે કંઈ ન જાણત. તેવી સ્થિતિમાં મરવા કરતાં આમ કીર્તિવંત રીતે તે મૃત્યુને આધીન થયો તેથી તે મહા પુણ્યશાળી ગણાય. માટે હવે તું છાની રહે. જૂલમગારોના હાથે તારી માફક જ મારી હજારો માતાઓ, ભગિનીઓ, અને પુત્રીઓ વૈધવ્યદશાને પ્રાપ્ત થશે, ત્યારેજ હિંદ માતાનું કલ્યાણ થશે; ચુપકીથી નહિ. આ મારૂં શિર મેં હિંદને અર્પેલું છે. તેને જૂલમગારો આ ધડથી જુદું કરી નાંખે અને મારી પત્ની પણ તારી માફકજ એક કંગાળ દુઃખી વિધવા બને તો હું મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ સમજીશ. તો જ મારા અંતરાત્માને શાંતિ વળશે! માટે માતા,

તું દુઃખી ન થા. તારે ખોળે હું મારૂં શિર મુકું છું. તને આવી વૈધવ્ય દશાને પ્રાપ્ત કરાવનાર પણ હું જ છું. મને માફ કર અને છાની રહે”—આટલું કહેવડાવી તે સાધુ પુરૂષ તે વિધવાને નમ્યા અને ત્યાંથી ચાલ્યા ગયા. આસપાસના પ્રેક્ષકો આ અદ્દ્ભુત શબ્દો અને દેખાવ જોઇ, સાંભળી રોયા. કેટલાકથી આ બનાવ ન જોઇ શકાયો તે ત્યાંથી દૂર વિખરાઇ ગયા. ભારતના પ્રજાપ્રિય આગેવાનોમાં જ્યાં સુધી આવા વિશુદ્ધ સ્નેહનો સંચાર ન હોય ત્યાં સુધી પ્રજાસેવા શુદ્ધભાવે ન જ થઇ શકે.

* * *

બીજું દૃશ્ય આ મહાત્માની ક્ષમાવૃત્તિ વિષે છે. તેઓ હમેશાં કહેતા આવ્યા છે કે સત્યાગ્રહીઓએ ક્ષમાવૃત્તિ રાખવી જોઇએ, વેર લેવાનો કદી પણ વિચાર રાખવો ન જોઇએ; અને તે માફક જ્યારે તેમણે જીવી બતાવ્યું ત્યારે ગોરાંગ પ્રજાઓમાં તેમ જ પોતાના સ્વદેશી બંધુઓમાં તેમના ઉચ્ચ ચારિત્રની અપૂર્વ છાપ પડી. સત્યાગ્રહની પ્રથમ વારની લડતના સમયે કેટલી ગેરસમજુતી ઉભી થઇ હતી અને તેને લીધે પઠાણોએ તેમનાપર મહાઘાતકી હુમલો કર્યો હતો. તે મૃત્યુવશ પથારીએ પડયા હતા તે સમયે પોલીસ ગુન્હેગારોને શિક્ષા કરાવવાના હેતુથી આ મહાત્માની જુબાની લેવા રેવ. જે. જે. ડોકના ઘરમાં કે જ્યાં તેમની સારવાર તે ભલા પાદરી કરતા હતા ત્યાં આવ્યા. આ સમયે તે સાધુના હૃદયમાંથી દયાનાં અમીઝરણાં વહ્યાં. પોલીસને તેમણે જણાવ્યું કે ‘ મારા દેશી બંધુની સામે હું કામ ચલાવવા માગતો નથી.’ આમ જણાવી જુબાની આપવા ના પાડી. પોલીસ નિરાશ થઇ ચાલ્યા ગયા. એક ખ્રીસ્તી પાદરીના ઘરમાં પૂર્વની જંગલી પ્રજા—કુલીઓ—ના નેતાએ ભગવાન ઇસુ ખ્રીસ્તની આજ્ઞા ‘ Love your enemy as you love your self ’ ‘ તમારી જાતને ચાહો છો તેટલું જ દુશ્મનને પણ ચાહો ’ એનું પાલન કર્યું. આ બનાવ જોઇ તે ઘરનાં ખ્રીસ્તી ધર્મનાં અનુયાયીઓને કેટલો આનંદ થયો હશે ! !

આ સાધુ પુરૂષ કહે છે કે "પોતાના સ્વદેશી બંધુના હાથનો માર ખાવો એ જેના ભાગ્યમાં લખાયું હોય તે ખરો પુણ્યશાળી છે; મારા તે ભાઇને લાગ્યું કે હું ખોટું કરૂં છું તો તેણે મને તેના વિચાર પ્રમાણે શિક્ષા કરી તેમાં હું તેનો દોષ કેમ કહાડું?" ધન્ય છે આવા સ્વદેશ પ્રેમને અને ક્ષમા વૃત્તિને!!

તેમને મારનાર પઠાણ જાતે મુસલમાન હતો, તેથી હિંદુ મુસલમાનનો સવાલ ઉત્પન્ન ન થાય અને બંને કોમ વચ્ચે કંઇ કડવાશ ઉત્પન ન થાય એટલા ખાતર એક જાહેર પત્ર તેમણે 'ઇન્ડીઅન ઓપીનીઅન'માં લખ્યો હતો તે મનન કરવા યોગ્ય હોવાથી અત્રે આપ્યો છે:—

"સાહેબો, મારી તબિયત સારી છે, મી. અને મીસીસ ડોક મારા ઉપર મરી પડે છે, અને થોડા દિવસમાં હું પાછો નોકરીપર ચઢીશ. જેઓએ મને માર માર્યો છે તેનાપર મને ગુસ્સો નથી. તેઓએ અણસમજથી આ કામ કર્યું છે. તેમના પર કામ ચલાવવાની જરૂર જોતો નથી. જો બીજાઓ શાંત રહેશે તો આ કિસ્સાથી પણ આપણને લાભ થશે; હિંદુઓએ મનમાં જરાપણ રોષ રાખવાનો નથી. આમાંથી હિંદુ મુસલમાન વચ્ચે ખટાશ થવાને બદલે મિઠાશ થાય એમ ઇચ્છું છું અને ખુદા-ઇશ્વરની પાસે માગું છું કે માર પડયો અને વધારે પડે તો પણ હું તો એક જ સલાહ આપીશ તે એ કે ઘણે ભાગે બધાએ દશ આંગળાં આપવાં તેમાં જ કોમનું અને ગરીબોનું ભલું તથા રક્ષણ થાય છે. જો આપણે ખરા સત્યાગ્રહી હોઇશું તો મારથી યા ભવિષ્યના દગાથી જરાએ ન ડરશું. હું ઇશ્વર પાસે માગું છું કે કોમનું તે ભલું કરે, તેને સત્ય રસ્તે ચડાવે, અને હિંદુ તથા મુસલમાનને મારા લોહીના પાટા વડે સાધે."

લી૦ હિંદનો સેવક,
મોહનદાસ કરમચંદ ગાંધી.

*   *   *

ત્રીજો પ્રસંગ આ સાધુ પુરૂષની નિર્ભયતાનો છે. તેમણે ખરા સમયે જે નિર્ભયતા બતાવી છે તે જોઈ દુશ્મનો પણ આશ્ચર્ય ચકિત થઈ જાય છે. આંગળાની છાપ આપવા બાબત તેમના ઉપર માર પડયા બાદ તે વિષેની ચર્ચા ઘણી જગ્યાએ થયા જ કરતી હતી. મી. ગાંધી સારા થઈ ગયા અને પાછા કર્ત્તવ્યક્ષેત્રમાં ઘુમવા લાગ્યા. લડતની પ્રથમ વાર સમાધાની થઇ તે વિષે કેટલાક તોફાનીઓને ડરબનમાં અસંતોષ ઉત્પન્ન થયો હતો, તેમાંના ઘણા એવા હતા કે પોતે કાર્ય ન કરવું પણ બીજા કરે તેમાં ભૂલ કાઢી તોફાન મચાવવું. આવા લોકોએ એક સભા ભરી મી. ગાંધીને તેમાં આવવાનું આમંત્રણ મોકલ્યું, અને કેટલાક સવાલોનો ખુલાસો કરવા સૂચવ્યું. સભાનું નામ સાંભળી ઘણાઓને ખાત્રી હતી કે આ સભા માત્ર તોફાનને ખાતર જ ભરવામાં આવનાર છે. તેમ જ તોફાનીઓએ મી. ગાંધીને મારવાનો ઇરાદો રાખ્યો હતો. ઘણાએ મી. ગાંધીને આ સભામાં ન જવા સૂચવતા હતા તેમને તેઓ ભારપૂર્વક દર્શાવતા કે "મારા ભાઇઓની સમક્ષ જવામાં જો હું ડરતો હોઉં તો કોમની આગેવાની આ જ ક્ષણે મારે ત્યજવી જોઇએ. જે કોમની સેવા કરવાનું હું અભિમાન ધરાવતો હોઉં તેનાં જ માણસોથી હું વેગળો રહી ડરૂં તો મારા જેવો બાયલો બીજો કોઇ જ નથી." ન જવાની ભલામણ કરનારાઓ આવા પ્રત્યુત્તરથી મહાત થઇ જતા અને તેમની સાથે દોરાતા. રાત્રે સભા ભરાઇ. સામી બાજુના માત્ર તોફાન કરવા જ આવ્યા હતા. સભામાં એક બોલનારને પ્રમુખે વધુ સમય આપવાનું નિયમથી બહાર જણાવ્યું. આ બનાવ બનતાં જ હોહા થઇ રહી. વીજળીની બત્તીઓ બુઝાવી નાંખવામાં આવી. રીવોલ્વરના અવાજ થયા. નાસાનાસ થઇ રહી. પોલીસ એકદમ આવી પહોંચ્યા. મી. ગાંધી સહીસલામત બહાર નીકળ્યા. સામી બાજુવાળા કે જેની નેમ મી. ગાંધીને મારવાની હતી તેમની પાસે જઇ પોતાનું મસ્તક ધરવાનો આગ્રહ મહાત્મા ગાંધીજી કરતા હતા. તેમના સાથીઓએ ત્યાં જતા તેમને

અટકાવ્યા. પોલીસ ગાડી લઇને આવ્યા અને મી. ગાંધીને તેમાં બંદોબસ્તપૂર્વક બેસાડી મુકામ ઉપર સહીસલામત પહોંચાડી આવ્યા.

* * *

એક વાર એક વસ્તુને સત્ય માની તેમાં જ કોમનું હિત છે એમ ખાત્રી થઇ તો પછી તે વિચાર પ્રમાણે વર્તતાં કદાચ બ્રહ્મા આવી અટકવા સૂચના કરે તો તે સૂચનાનો પણ સ્વીકાર થાય એ અસંભવિત છે. પોતાના વિચાર ખોટો છે એવું જો એક બાળક પણ સમજાવી દે તો તે બાળકના વિચારને પણ અનુસરશે એવું સુકોમળ તેમ જ દૃઢ.નિશ્ચયવાળું અંતઃકરણ મહાત્મા ગાંધીનું છે. તે વિષેનો એક દાખલો આપવો બસ થશે.

છેલ્લી લડતમા હજારો ગીરમીટીઆ તેમ જ બીજા હિંદીઓ-સ્ત્રી-બાળકો વગેરે જેલમાં ગયાં અને આખી દુનીઆમાં ખળભળાટ થઇ રહ્યો હિંદના ભલા વાઇસરૉય લૉર્ડ હાર્ડિંજે સત્યાગ્રહની લડતને ઉત્તેજન આપ્યું. વડી સરકારે પણ હિંદીઓની લડાઇ કાયદેસર છે એમ જાહેર કર્યું. આની સ્થિતિમા દક્ષિણ આફ્રિકાની સરકાર વધુ આગળ પગલું ભરી શકે એમ ન હતું. વડી સરકાર અને હિંદી સરકારના આગ્રહથી હિંદીઓનાં દુઃખોની તપાસ કરનારૂં કમીશન યુનીઅન સરકારે નીમ્યું. કમીશનના બે સભાસદો મી. વાયલી અને મી. એસલીન બન્ને હિંદી કોમની વિરૂદ્ધના માણુસો હતા. તેમની પાસેથી ન્યાય મળવાની આશા રાખવી વ્યર્થ છે એમ કોમ સમજતી હતી. વળી એ જ અરસામાં ગોરાઓએ જે વખતે રેલ્વેની હડતાળ પાડી હતી ત્યારે તેઓનાં દુઃખોની તપાસ કરવા કમીશન નીમવામાં આવ્યું હતું તેમા તેમના ખાસ પ્રતિનિધિને નીમવામાં આવ્યા હતા. ગોરા હડતાળીઆઓએ તો મારફાડ ચલાવી જોહાન્સબર્ગમાં મોટો બળવો જગાડી મૂકયો હતો, પ્રજાની જાહેર શાંતિમાં ખલેલ નાંખી હતી, છતાં કમીશન નીમ્યું તેમાં તેમનાં પ્રતિનિધિને ખાસ જગ્યા આપી. જ્યારે

હિંદીઓ, શાંતપણે કાયદાની હદમાં રહી, જાતે દુઃખો સહન કરી પોતાનું કર્તવ્ય બજાવતા હતા ત્યારે તેમનાં દુઃખોની તપાસ કરવા માટે તેમના વિરોધીઓને જ કમીશન ઉપર બેસાડવામાં આવે એ હિંદી કોમ કેમ સહન કરે? આગેવાનોને છોડી મૂકયા પછી તરત જ ચાર હજાર માણસોની એક ગંજાવર સભા ડરબનમાં મળી, જેમાં પ્રતિજ્ઞા લેવામાં આવી કે એક પણ હિંદીએ કમીશન આગળ જુબાની આપવા જવું નહિં. આખી સભાએ આ મતલબનો ઠરાવ પસાર કર્યો તે અગાઉ સરકારને ચેતવણી આપવામાં આવી હતી. હિંદીઓએ છેવટે એવી પણ માંગણી કરી હતી કે જે ગૃહસ્થોને નીમ્યા છે તેઓને ભલે રહેવા દો, પણ એક ત્રીજા એવા યુરોપીઅનને કમીશનમાં જગ્યા આપો કે જેનું નામ હિંદી કોમ આપે. સરકારે આ ન્યાયયુક્ત માગણીનો પણ તિરસ્કાર કર્યો! ત્યારે જ કોમે કમીશન આગળ ન જવાની પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞા જ્યારે જાહેરમાં આવી ત્યારે સર્વત્ર ખળભળાટ થઇ રહ્યો! અનેક મુશીબતોને અંતે કમીશન નીમાયું ત્યારે કોમે તેની આગળ જુબાની આપવા ન જવું એવી પ્રતિજ્ઞા લીધી! આવા વિચારથી હિંદુસ્તાનમાં અને વિલાયતમાં સર્વ કોઇ ચમકી ગયા, પણ હિંદી કોમ તો સારી રીતે સમજતી હતી કે તેઓ પોતાના જ બળ ઉપર લડે છે. આખી લડતનો હેતુ ખરી રીતે પ્રજાનું સ્વમાન જાળવવાનો હતો. જુબાની ન આપવાના ઠરાવની ખબર પડતાં જ ભલા વાઈસરૉય લૉર્ડ હાર્ડિંજે તેમ ન કરતાં જુબાની આપવી એવી જાહેર રીતે સૂચના કરી. બીજી તરફથી શ્રીયુત ગોખલેએ પણ તેવી જ સલાહ આપી. વિલાયતથી ભલા મિત્ર લૉર્ડ એમ્થીલે પણ કમીશનને માન્ય રાખવાની સૂચના કરી. આમ ત્રણ ત્રણ બાજુએથી એક જ સલાહ અને આગ્રહ થયો. સમય પણ એવો હતો કે જો એ સલાહને માન્ય રાખવામાં ન આવે તો કોમ દીલસોજી પણ ગુમાવી બેસે. પ્રસંગ ખરો કસોટીનો હતો. આ સમયે આ મહાન વીર પુરૂષે જે ધૈર્ય, દૃઢ નિશ્ચય, અને પ્રતિજ્ઞાનું પાલન કરવાનો આગ્રહ બતાવ્યો તે અદ્ભુત છે. તેમણે

ચોખ્ખું દર્શાવ્યું કે કમીશનની સામે કોમની ફરિયાદ તદ્દન વાસ્તવિક છે. કોમે એકવાર એકત્ર થઇ સત્ય માની જે પ્રતિજ્ઞા કરી તેના ઉપર પાણી ફેરવવું એમાં કોમની હાંસી થવા જેવું છે. કદાચ આથી પણ વધુ દીલસોજીને જતી કરવી પડે તો તેને આપણે દીલગીરીથી જતી કરીશું; પરંતુ લીધેલી કોમી પ્રતિજ્ઞાને કદી ન તોડશું. કોમે આખરે કમીશન આગળ જુબાની ન જ આપી. આ વખતે મી. એન્ડ્રુસ પણ ત્યાં હાજર હતા. કોમનાં ટેક અને લાગણી સમજી અને અનુભવી તેઓ આશ્ચર્ય ચકિત થયા. ધીર પુરૂષની કસોટી ખરા અણીના સમયે જ થાય છે. મહાત્મા ગાંધીએ તે કસોટીમાંથી પાર ઉતરી હિંદી પ્રજાના સ્વમાનને દક્ષિણ આફ્રિકામાં ઉજવળ કર્યું છે.

* * *

એમના ખાનગી જીવનમાં પણ એઓ ખરા સત્યાગ્રહી રહે છે. અન્ન વગેરે ત્યજી મહાત્માજી ફળાહાર ઉપર કેવી રીતે આવ્યા તે પ્રસંગ રમુજી હોવાથી અત્રે આપવા યોગ્ય ધાર્યું છે. તેમનાં પત્ની શ્રીમતી કસ્તુર બેનની તબિયત તેમને અમુક પ્રકારનું દરદ હોવાથી નરમ રહ્યા કરતી હતી. નિમકથી લોહીમાં સુધારો થતો નથી પણ તે ઉલટું લોહીનું પાણી કરી નાંખે છે, મીઠાથી શરીરને કંઇ પોષણ કે ફાયદો થતો નથી તેમ જ ફળ વગેરે વસ્તુઓમાં જેટલા પ્રમાણમાં નિમક જોઇએ તેટલા પ્રમાણમાં કુદરતે જ તેમાં રાખેલું છે એટલે નિમક ખાવાની માણસને જરૂર રહેતી નથી આવી માન્યતા મહાત્મા ગાંધીએ કેટલાંક પુસ્તકો વાંચ્યા પછી બાંધી હતી. પોતાનાં પત્નીને મહાત્માજીએ એક દિવસ કહ્યું કે "તારી તબિયત સારી નથી રહેતી, તું જો મીઠું ખાવાનું છોડી દે તો તબિયત સુધરી જાય." તે સમયે શ્રીમતી કસ્તુરબેને જણાવ્યું કે, "મીઠા સિવાય કાંઇ ચાલે? મીઠા સિવાય કાંઇ ખાઇ શકાતું હશે કે?" ગાંધીજીએ જણાવ્યું કે, "હા, શા માટે ન ખવાય? મીઠા સિવાય પણ ચાલી

શકે" તરત જ શ્રીમતી કસ્તુરબાએ કહ્યું કે "આપજ પ્રથમ મીઠું ખાવાનું છોડી જુઓને, ત્યારે ખબર પડે" આ વાક્ય નીકળતાંજ મહાત્માજીએ દર્શાવ્યું કે "તારી સાથે મારે પણ આજથી મીઠું ન ખાવું" અને ત્યારથી તેમણે નિમક છોડયું તે સદાને જ માટે છોડી દીધું છે. ત્યાર બાદ પોતાના ખોરાકમાં સુધારો કરતાં કરતાં છેવટે આજે લગભગ પાંચ છ વર્ષ થયાં તેઓ માત્ર ફળાહાર કરે છે. ઘી, દુધ, દહિં જેવી વસ્તુઓ પણ તેમણે ત્યજી દીધી છે.

* * *

તેમની સાથે રહેનારા વિદ્યાર્થીઓ તેમ જ બાળકો પણ તેમનું જોઈ અમુક સમય મીઠું ન ખાવું અને અલુણો ખોરાક લેવો એવાં વ્રતો લઈ લે છે. તેમને તેઓ ઉત્તેજન આપે છે. વિદ્યાર્થીઓએ પોતે કરેલો નિશ્ચય બરાબર અમલમાં મૂકવો જ જોઈએ એવી તેમની તીવ્ર ઇચ્છા હોવાને લીધે તે નિશ્ચય પળાય છે કે કેમ તેની તેઓ જાતે જ દેખરેખ રાખે છે. મીઠું ન ખાવું એવો આગ્રહ કોઈ પણ વિદ્યાર્થીને કરવામાં નથી આવતો, પણ જેઓ પોતાની રાજીખુશીથી અને ઉત્સાહથી આવીને કહે કે અમુક સમય સુધી હું મીઠું ન ખાઇશ તો તે પણ પાળવું જ જોઈએ. એ સંબંધમાં એક રમુજી બનાવની નોંધ અ[illegible] લેવાય તો તે અસ્થાનને ન લેખાશે. તેમના સહુથી નાના [illegible] દેવીદાસ કે જેની ઉમર તે વખતે લગભગ તેર વર્ષની હશે તે એક વાર પણ લીધું અને કહ્યું કે "બાપુ, મારે એક અઠવાડીય સુધી અલુણો ખોરાક ખાવો છે" તેની વિનંતિ કબૂલ રાખવામ[illegible]આવી. ત્રણેક દિવસ બાદ એક દિવસ તે રસોડામાં ઉભો હતે નમકવાળો સરસ ખોરાક જોઈ તે બાળકનું દીલ પલળી ગયું અ[illegible] તેણે નિમકવાળું શાક ખાવાની માગણી કરી. સર્વ બાળકો તેમ જ બીજાઓને મહાત્મા ગાંધી પોતાને હાથે હમેશાં રસોઇ કરી પીરસે છે. દેવીદાસે કરેલી માગણીનો સ્વાભાવિક રીતે અસ્વીકાર થયો,